# આદિવાસીઓમાં પરંપરાગત ઔષધો

( [illegible] )

## વલસાડ જિલ્લો

ડૉ. સિધ્ધરાજભાઈ સોલંકી

જસવંતસિંહ રાઠોડ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

૨૫૩

૧૯૮૮

# આદિવાસીઓમાં પરંપરાગત વનૌષધિ

( વંશી )

વલસાડ જિલ્લો

ડૉ. સિદ્ધરાજભાઇ સોલંકી

જસવંતસિંહ રાઠોડ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ-૧૪

૧૯[illegible]

૯૮૮

૨૫૩

## અનુક્રમણિકા


| પ્રકરણ નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૧ | પ્રાસ્તાવિક | ૧ થી ૩ |
| ૨ | વિસ્તાર - વસતિ | ૪ થી ૧૨ |
| ૩ | વનૌષધિ અને પધ્ધતિ | ૧૩ થી ૭૦ |
| ૪ | વનૌષધિની વિગતે નોંધ | ૭૧ થી ૭૬ |
| | **પરિશિષ્ટ :** | |
| | ૧ મુલાકાતીઓના નામ-ગામ | ૭૭ |
| | ૨ સંદર્ભ સાહિત્ય | ૭૮ |

## પ્રાસ્તાવિક

આ દિવાસીઓમાં પરંપરાગત વનૌષધિ પેઢી દર પેઢીનો અનુભવ છે. તેમને પૂછવામાં આવે ત્યારે એક જવાબ તો હોય જ કે '' દરેક ઝાડ કોઇને કોઇ વંશી છે '' પણ જાણે તેના માટે હવે આ જાણકારાનું જે પ્રમાણ છે તે ઓછું થતુ જાય છે તેના પણ ઘણા કારણો છે જેમાં આધુનિક દવા પધ્ધતિ, જંગલનું ઘટતું જતુ પ્રમાણ, રોગ મટવાની ધીમી પ્રક્રિયા, આજે લોકોને મિનિટોમાં કે કલાકોમાં આરામ થાય તેવી દવાનો ઉપયોગ વધારે પસંદ પડે છે. આમ છતાં તેમનામાં રહેલી વનસ્પતિ દવા અંગેની શ્રધ્ધા ઓછી થઇ હોય તેવું નથી પણ જાણકાર વ્યકિતઓ જાતે જ દવાનો વપરાશ ઘટાડતા હોય છે. કારણકે તેમના જ મુખેથી સાંભળવા મળે છે કે પહેલાં અમુક દવા અમારે જંગલમાં થતી હવે નથી મળતી અથવા દૂરના જંગલોમાં શોધવા જવુ પડે છે. એના માટે દિવસોના દિવસોનો ભોગ આપવો પડે છે. વળી દવા મેળવવામાં કયારેક સાહસ કરવુ પડે છે ગાઢ જંગલ અને ડુંગરઓમાં ચાલતા જવુ પડે છે કયારેક અકસ્માત થાય તો તેમને બચાવનાર પણ કોઇ હોતું નથી. દવા કરનારા આજ સુધી સેવાજ કરતા આવ્યા છે તેના બદલામાં તેમને કંઇ મળતુ નથી કારણકે બદલામાં કંઇ લેવામાં આવે તો દવા કામ આપતી નથી તેવી માન્યતા છે.

દવા જાણકાર વ્યકિતઓનો મુખ્ય ધંધો વનસ્પતિ દવા લાવી આપવાનો હોતો નથી પણ તેમનો મુખ્ય ધંધો ખેતી, પશુપાલનનો હોય છે તેમાંથી નવરાશ કાઢી આ સમાજ ઉપયોગી સેવાનુ કાર્ય કરતા હોય છે તેના બદલામાં તેમની રૂઢીગત માન્યતા પ્રમાણે શ્રીફળ, મરઘી કે બકરું આપે જેનો ઉપયોગ ભગતના સાગરીતો કે બધા સાથે મળી કરતા હોય છે ( બધા દવા જાણકાર વ્યકિતઓને મળે છે કે લે છે તેવું નથી ) આમ ભગત-ભૂવા તરીકે કામ કરનાર વ્યકિતઓને આજના જમાના પ્રમાણે જે નાણાંકીય મહેનતાણું મળવું જોઇએ તે મળતું નથી જેથી તેમને આર્થિક મુશ્કેલીઓ અનુભવવી પડે છે જેના કારણે

તેઓ દૂર જંગલમાંથી દવા લાવવા માટે પ્રેરાતા નથી પણ નજીક હોય તો લાવી દે છે નહીં તો જાતેજ દવાખાનાનો આસરો લેવાનું સૂચન કરે છે. વળી કેટલીક દવાનો સંગ્રહ કરી રાખવો પડતો હોય છે કારણકે તે બારેમાસ મળતી હોતી નથી દા.ત. મરડાસીંગ, કેરીનો ચીક, ગુંદર, ફળનાળી વગેરે ચીજો તેની સિઝનમાં જ મળે ત્યારે લાવી સંગ્રહી રાખવી પડે છે તેને સંગ્રહી રાખવામાં ન આવે તો ટૂંક સમયમાં તેનો નાશ થાય છે અને આખું વર્ષ તે દવા મળતી નથી.

વળી મોટાભાગની વનસ્પતિ દવાઓ વેલ કે નાના છોડ હોય છે આ વેલ અને છોડ ચોમાસામાં થાય છે ચોમાસુ પુરું થતાં તે સૂકાઇ જાય અથવા ઢોર, બકરાં ચાવી ખાય ત્યારે મળતી હોતી નથી. જ્યારે કેટલીક વનસ્પતિની છોડ ઘણાજ ઓછા થતા હોય છે. દવા તરીકે તેના મૂળ કે છાલનો ઉપયોગ થતો હોય છે જેના કારણે તેને જડમૂળમાંથી ઉખેડવી પડે છે જો તે એકજ છોડ હોય તો તેનો નાશ થાય છે અને ફરી તે છોડ ઉગતો નથી. આવી સ્થિતિમાં ધીરે ધીરે તે દવાનો છોડ નામ શેષ થઇ જઇ નાશ પામે છે.

આ વિસ્તારના વનસ્પતિ દવા જાણકાર દરેક પ્રકારના રોગની દવા જાણતા હોય છે અને તે પણ પોતાના અનુભવ જન્ય જ્ઞાનને આધારે જાણે છે. હા કોઇ અમૂક દવા માટેના સ્પેસ્પાલીસ્ટ હોય તેવું બને કાસ્મુનિયાના એક વારલી ભાઇ સાપના ઝેર માટેની દવા જાણતા હતા તેમના જણાવવા પ્રમાણે તે ગામમાં સાપ કરડેલી એકપણ વ્યક્તિને દવાખાને જવું પડયુ નથી. કેટલાક બાળકોના, કેટલાક ગર્ભરક્ષક દવાના જાણકાર વગેરે જોવા મળે છે. તે દવાની માહિતી જ્યારે આર્યાભિષેક નામના પુસ્તકમાં જોઇએ ત્યારે તેમની દવાના પ્રમાણભૂત આધાર મળી રહે છે. આમ છતાં તેમની પાસે જે છે તે બધુ આપણા પુસ્તકોમાં છે તેમ કહી શકાય તેમ નથી કારણકે તેમની પાસે આ અનુભવનું ભાથુ ભરેલુ છે વળી બધી વનસ્પતિના નામ કે ઉપયોગ પણ

આપણે જાણતા નથી ને દવા જાણ્યા પછી આપણને લાગે કે તેમની સરખામણીમાં આપણી પાસે કંઇ નથી આવો આ અમુલ્ય વારસો નષ્ટ ન થઇ જાય તે માટે પણ જેટલું શકય હોય તેટલી જે સ્વરૂપે મળે તે સ્વરૂપે તેમની પાસેથી મેળવવા પ્રયત્ન કરવામાં આવ્યો છે.

औषधीनां परां प्राप्तिं कश्चिद्वेदितुमर्हति ।
योगमासां तु रूपमासां तत्त्वविदुच्यते ॥

ઔષધિની ઉત્કૃષ્ટ પ્રાપ્તિને જાણવાને કોઇક જ યોગ્ય થાય છે. તેના પ્રયોગને તથા રૂપને ઓળખનાર તત્ત્વવિદ્ કહેવાય છે.

( ચરકસંહિતા મહર્ષિ અગ્નિવેશ )

## વિસ્તાર અને વસતિ

દક્ષિણ ગુજરાતમાં સુરત, વલસાડ અને ડાંગમાં આદિવાસી વસતિનું પ્રમાણ સવિશેષ છે. વલસાડમાં ૫૪.૫૯ ટકા સુરતમાં ૪૧.૬૪ ટકા અને ડાંગમાં ૯૨.૩૧ ટકા આદિવાસી વસતિ છે. વલસાડ જિલ્લાના ધરમપુર અને વાંસદા તાલુકાઓમાં સૌથી વધારે અનુક્રમે ૯૩.૯૫ અને ૯૦.૦૪ ટકા વસતિ છે. જંગલ પણ ઠીક ઠીક પ્રમાણમાં છે. મુખ્ય વસતિ ધોડિયા, કોંકણા છે જ્યારે ઓછા પ્રમાણમાં વારલી, દુબળા, કોલઘાની પણ વસતિ છે. આપણે અહીં ધોડીયા, કોંકણા અને વારલી જાતિનો ટૂંકમાં પરિચય મેળવીશું ૧૯૭૧ પ્રમાણે કુલ આદિવાસી વસતિમાં ધોડિયા ૬.૬૧ ટકા કોંકણા ૪.૮૬ અને વારલી ૩.૩૮ ટકા છે.

આદિવાસી જાતિઓમાં વસતિની દૃષ્ટિએ ત્રીજા નંબરે ધોડિયા આવે છે. તેઓ મુખ્યત્વે સુરત અને વલસાડના અમુક તાલુકાઓમાં વસેલા છે. તેઓ મોટેભાગે મેદાનોમાં રહેતા હોય છે. ધોડિયા શબ્દની ઉત્પત્તિને ખેતી સાથે સંબંધ છે અને તેઓ મુખ્યત્વે ખેતી પર આધાર રાખતા હોવાથી તેમનું આ નામ પડયું છે એવી માન્યતા છે. ધૂળિયા જિલ્લામાં રહેનારા તે ધુડિયા-ધોડિયા એમ પણ કહેવાય છે. બીજી એક માન્યતા પ્રમાણે તેઓ ધનસિંહ અને રૂપસિંહ નામના બે રાજપુત સરદારોના વંશજો છે. મુસલમાન રાજાઓના આક્રમણથી બચવા તેઓ માલેગામ-ધૂળિયાથી વાપી તરફના વિસ્તારમાં નાસી આવીને વસ્યા એમ મનાય છે. તેઓ પોતાને ભીલ, ચૌધરી, દૂબળા, નાયકા, જેવી બીજી જાતિઓ કરતાં ઉંચા ગણે છે. અને તેથી તેમના હાથનું ખાતા નથી. જ્યારે ચૌધરી સિવાય આ જાતિઓના લોકો ધોડિયાના હાથનું ખાય છે.

તેમનામાં પેટાજાતિઓ નથી પણ કુળ હોય છે. આ કુળના

નામો ઉપરથી એવું લાગે છે કે તેમનાથી ઉંચી જાતિઓ. કે જ્ઞાતિઓ સાથે તેઓ સંબંધ રાખતા હોવા જોઈએ. અને તેમને પોતાની જાતિમાં સ્વીકારતા હોવા જોઈએ. દા.ત. કેટલાક કુળનાં નામો ભટ, ભોઇ, બ્રાહ્મણિયા, દેસાઇ, ગરાસિયા, જોષી, કણબી, પરભુ, વાણિયા, વગેરે છે. કુળની અંદર લગ્નનો નિષેધ છે.

તેમની પોતાની આગવી ઘોડિયા બોલી છે. જેમાં ગુજરાતી કરતાં મરાઠીની અસર વધુ વર્તાય છે. તેથી પણ એમ લાગે છે કે તેઓ મહારાષ્ટ્રમાંથી આવ્યા હશે.

તેમનો મુખ્ય વ્યવસાય ખેતી છે, એ મોટાભાગના પોતાની ખેતી કરતા હોય છે. પશુપાલન સાથે ખેતી અને વાડીનું પ્રમાણ પણ ઠીક ઠીક જોવા મળે છે. શિક્ષણનું પ્રમાણ તેમનામાં સારું છે તેથી નોકરી ક્ષેત્રે પણ સારી પ્રગતિ થઇ છે.

ખોરાકમાં ચોખાનો ઉપયોગ વિશેષ કરે છે સાથે વાલની દાળ, જુવાર, અને ઘઉંનો વપરાશ પણ હવે શરૂ થયો છે. ઉપરાંત મરઘાં, બકરાં, ઘેટા, હરણ, માછલાંનું માંસ ખાય છે. દારૂપણ પીએ છે.

તે તદ્દન અલગ અલગ રહેવાને બદલે ફળિયાં બનાવી રહેવા લાગ્યા છે. વાંસના ખપાટિયાની દીવાલ વાળું છાપરું દેશી નળિયાંથી અથવા મેંગલોરી નળિયાંથી ઢાંકેલું હોય છે. ઘરવખરીના સાધનોમા હવે ધાતુના વાસણોનો વપરાશ વધ્યો છે. ફર્નિચર અને મોજશોખના સાધનોમાં વધારો જોવા મળે છે.

## કુંકણા / કોકણા :

કોકણાની વસતિ ધરમપુર અને વાંસદા તાલુકાઓમાંના જંગલ વિસ્તારમાં સવિશેષ જોવા મળે છે તેઓ મૂળ કોકણ પટ્ટીમાંથી આવ્યા હોઇ કોકણા કહેવાય છે. તેમની ભાષામાં તેમના પહેરવેશમાં કોકણાની અસર આજે પણ સ્પષ્ટપણે જોઇ શકાય છે. કેટલાક કોકણા પોતાને કુનબી પણ કહેવડાવે છે. પણ બંનેના રિવાજ એકજ છે. કુનબીઓ

મૂળ નાસિક કે થાણા જિલ્લામાંથી પોતે આવ્યા એમ માને છે. કુનબી શબ્દનો અર્થ આમતો ખેડૂત થાય છે, મહારાષ્ટ્રમાં ખેતી કરનારા મરાઠાઓ કુનબી તરીકે ઓળખાય છે. ગુજરાતમાં આપણે તેમને કણબી કહીએ છીએ. એટલે આ શબ્દ ધંધાનો સૂચક છે એમ કહી શકાય.

તેઓ રંગે કાળા, પાંચ સાડા પાંચ ફૂટ ઊંચા અને પહોળા નાકવાળા હોય છે. સ્ત્રીઓ પુરુષો કરતાં ઊઘડતા રંગની હોય છે.

પુરુષોનો ઘરનો પોશાક માત્ર લંગોટીનો હોય છે. બહાર જાય ત્યારે શરીરે બંડી પહેરે છે. અને માથે ફેંટો વીંટે છે. સ્ત્રીઓ ઘૂંટણ સુધી કાછડો મારી પહેરેલું કપડું ઓઢે છે, જેનો એક છેડો ઉપર છાતી પર ઓઢી માથે નાખે છે. ઘરમાં હોય ત્યારે તેઓ ચોળી પહેરતી નથી જોકે હવે પહેરે છે.

સ્ત્રી પુરુષ બંને ઘરેણાંના ઘણાં શોખીન હોય છે. અગાઉ શંખ કે છીપલાંની માળાઓ પહેરતા. હવે તેઓ કથીર-ચાંદીના દાગીના પહેરે છે. સ્ત્રીઓ બહાર જવું હોય ત્યારે માથામાં તેલ બરાબર નાખીને સરસ રીતે માથું ઓળી ફૂલ ખોસી નીકળે છે. સ્ત્રીઓ તરેહ તરેહનાં છૂંદણા છુંદાવે છે. તેમની બોલી કોકણી છે જેમાં મરાઠીની અસર સ્પષ્ટ પણે વર્તાય છે.

તેમના ઘર શંકુ આકારના હોય છે. ભીંત છૂંદેલા વાંસની બનાવવામાં આવે છે. બારણાં પણ વાંસનાં હોય છે. ઘરોની છત પલાશના પાનથી સીવવામાં આવે છે. ઝૂંપડાની નજીકમાં એકાદ માંડવો બાંધી તેમાં ઢોર રાખે છે. ઘરમાં કોઇ મરી જાય તો ઘર તરત બદલી નાખે છે. ઘરમાં જોઇતી વસ્તુઓ હોય છે. ખેતીના સાધનો, શિકારના સાધનો, ધાતુ અને માટીના વાસણો, પાણી પીવા તૂંબડીમાંથી બનાવેલ ડોયાનો ઉપયોગ કરે છે. અનાજ ભરવા માટે વાંસની કોઠીઓ અને વાંસના ટોપલા રાખે છે.

વ્યવસાય :

તેમનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે. ખેતીના સાધનો જાતેજ

બનાવી લે છે. આદર બનાવી ખેતી કરે છે. ખેતીમાંથી પૂરતી આવક ન મળવાને કારણે પુરક ધંધા તરીકે જંગલની મજૂરી પર તેમને આધાર રાખવો પડે છે. ઉપરાંત શિકારે જઇને કે માછલાં પકડી બે ત્રણ પૂરક ખોરાક મેળવી લે છે. જયારે આમાંનુ કંઇ ન મળે ત્યારે ભાજી કે કંદ બાફીને પણ પેટ ગુજારો કરવો પડે છે. મરઘાં ઉછેર પણ તેમનો પૂરક વ્યવસાય છે. મરઘાંનો ઉપયોગ ખોરાકમાં છૂટથી થાય છે.

<u>વારલી :</u>

ધરમપુર તાલુકાના પહાડી વિસ્તારોમાં વારલીની વસતિ વિશેષ છે. વારલ એટલે જમીનનો નાનો ટૂકડો તેથી વારલી એટલે જમીનના નાના ટૂકડા ખેડનાર એ રીતે આ લોકો વારલી કહેવાયા એમ મનાય છે એક મત એવો પણ છે કે તેઓ ભીલની જ એક પેટાજાતિ છે. તેમનામા ચાર પેટાજાતિ છે. શુધ્ધ (૨) મુર્દે (૩) દાવર (૪) નિહિર. આમાથી મુર્દે અને દાવર એક બીજા સાથે લગ્નસંબંધ બાંધે છે. પણ નિહિર સાથે તેઓ લગ્નસંબંધ બાંધતા નથી આ ઉપરાંત તેમનામાં ૨૪ જેટલા કૂળ છે. કુળના લોકો અંદર અંદર લગ્ન સંબંધ બાંધતા નથી. કોકણા વારલીને પોતાનાથી હલકા ગણે છે, અને તેમની સાથે કશો સામાજિક વ્યવહાર રાખતા નથી.

પુરુષો માથે ફેંટો બાંધે છે. શરીરે જાકીટ કે બંડીને મળતું અડધી બાંયનું કોલર વિનાનુ કપડું તથા કમરે લાલ રંગના ફૂમતાંવાળી દોરી બાંધે છે. તેને આધારે નીચે એક લંગોટી પહેરે છે. કમરની દોરીને તેઓ ' કહડો ' કહે છે. ઘરમાં ખાટલો કે ગોદડી ભાગ્યે જ હોય છે. સ્ત્રીઓ લાલ રંગની કે શ્યામવર્ણી સાડી પહેરે છે. જે તેઓ કમરના ભાગથી ઘૂંટણ સુધી કચ્છ મારી પહેરે છે અને તેનો એક છેડો બરડે અને માથા સુધી ઓઢવા રાખે છે.

સ્ત્રી પુરુષ બંને ઘરેણાંના શોખીન હોય છે, વારલી સ્ત્રીઓ બંગડીની બહુ શોખીન હોય છે. કાંડાથી કોણી સુધીના ભાગમાં તેઓ

ઘણી બંગડીઓ પહેરે છે. આ બંગડીઓ મુખ્યત્વે સીસાની અને પિત્તળની હોય છે. હાથે વીંટી તથા નાકે નથણી પહેરે છે. ગળામાં કાચના મણકાની માળા તથા અંબોડે કાચના મણકાના ઝૂમખા પહેરે છે.

તેમનો મુખ્ય વ્યવસાય ખેતી છે. તેમની ખેતી પ્રાથમિક પ્રકારની છે. તેથી તેમને બીજા સહાયક ધંધાઓ પર ઘણો આધાર રાખવો પડે છે. જેમાં જંગલ મજૂરી, કોલસા પાડવા, જંગલમાંથી વન્ય પેદાશ એકઠી કરવી, શિકાર કરવો, માછલાં પકડવા જવું તથા બીજા પરચુરણ મજૂરી કામો કરવા.

તેમના ઘર કોકણા જેવાં શંકુ આકારના તથા ગ્રામરચના કોકણા જેવી જ છૂટાંછવાયા ઘરોવાળી હોય છે. ઘરવખરીમાં માટીનાં અને એલ્યુમિનિયમનાં બેચાર વાસણો, ખેતીનાં થોડાક સાધનો, લાકડાં કાપવાના બેચાર સાધનો અને માછલાં પકડવાના સાધનોમાં મળી, ભાત વગેરે જોવા મળે છે.

તેમના ખોરાકમા મુખ્યત્વે નાગલીનો ઉપયોગ થાય છે. આ ઉપરાત જુવાર, કઠોરનો ઉપયોગ કરે છે. તે સિવાય જંગલમાંથી શિકાર કરી તેમજ બકરો, ઘેટી, મરઘાં વગેરેનું માંસ ખાય છે. દારૂ પીવે છે.

વારલીમાં બહુપત્નીત્વની પ્રથા છે. એ સિવાય ~~ઘરજમાઇ~~, ઘર જમાઇ, પુનર્લગ્ન, નાતરું, છૂટાછેડા વગેરે રિવાજો છે. સગાઇ થયા બાદ પણ ઘર સંસાર શરૂ થઇ શકે છે. લગનવિધિ પાછળથી પોતાની અનુકૂળતાએ કરી શકે છે. લગ્ન પહેલાં છોકરી પોતાનું ભાવિ ઘર સંસાર શરૂ થઇ શકે છે. લગનવિધિ પાછળથી પોતાની અનુકૂળતાએ કરી શકે છે. લગ્ન પહેલાં છોકરી પોતાનું ભાવિ ઘર જોવા માટે જાય છે તેને પસંદ પડે તો જ લગ્નની હા પાડે છે. તેને પાહુનાજાઇ પણ કહે છે. ઘણીવાર છોકરા અને માબાપની લગનવિધિ સાથે પણ થાય છે.

દેવદેવીઓમાં માનતા હોઇ ભગતનું સ્થાન તેમના સમાજમાં ઘણું મહત્ત્વનું હોય છે તેમના મુખ્ય દેવોમાં હીરવાદેવ, નારણદેવ,

ભરમદેવ, ચેડાદેવ, ગામદેવ, આ ઉપરાંત ભૂત ડાકણમાં પણ માને છે. અકાળે કે આકસ્મિક અવસાન થાય તો ડાકણનો વહેમ જાય છે. આથી ભગત ભૂવા કરાવે છે.

તેમના મુખ્ય તહેવારો હોળી, દિવાળી, દિવાસો, દશેરા છે. જંગલ વિસ્તારમાં વસવાટ કરતી આ જાતિઓ વિશે ટૂંકમાં પરિચય મેળવ્યો. હવે તેમનામાં રહેલી વંશપરંપરાગત વનૌષધિઓ માન્યતા અને પધ્ધતિ વિષે જોઈએ.

વનૌષધિ અને પધ્ધતિ :

વલસાડ જિલ્લાના વાંસદા અને ધરમપુર તાલુકાઓના ગામડાઓનું ક્ષેત્રકાર્ય જૂન ૧૯૮૭ માં કરવામાં આવ્યુ હતું. નવતાડ અને મહુવાસ જે વાંસદાના ગામો છે જ્યારે માકડા, કાસ્ટુનિયા, જામગભાણ,જાંગવેલ એ ધરમપુર તાલુકાના ગામોમાં જાણકાર વ્યક્તિઓની મુલાકાત લઈ વનસ્પતિ પરંપરાગત ઔષધ અંગેની માહિતી મેળવી હતી. આ વિસ્તારમાં વનસ્પતિ દવાને વૌશીના નામે ઓળખવામાં આવે છે. વાંસદા તાલુકાની બંને ગામો ડાંગ જીલ્લાની સરહદે આવેલા છે તેની દક્ષિણે મહારાષ્ટ્રની સરહદ લાગવાથી જંગલોનું પ્રમાણ ઠીક ઠીક પ્રમાણમાં છે.આ ગામોમાં વંશપરંપરાગત ઔષધિનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં કરવામાં આવે છે. મારા ક્ષેત્રકાર્ય દરમ્યાન પ્રથમ વરસાદ પડ્યો હોવાથી ભગત-ભૂવાનું કામ કરતા વ્યક્તિઓની માગ વધારે હતી કારણકે પ્રથમ વાવણી વખતે દેવ કરવાના હોય છે તેમના ઘણા તેડા આવતા હતા જેના કારણે તેમની મુલાકાત કરવામાં ઘણું ફરવુ પડતું અને તેમની રાહ પણ જોવી પડતી આમ છતાં તેમના સહકારથી આ વિસ્તારમાં વપરાતી ઘણી બધી વનસ્પતિ દવાઓ જાણવા મળી તે ઘણીજ ઉપયોગી અને અમૂલ્ય છે. દવાની શોધ અંગે તેમની પાસેથી જે રસપદ વાતો જાણવા મળી તે અહીં મૂકીએ તો અસ્થાને નહી કહેવાય.

એકવાર જંગલમાં શિકાર કરવા માટે ગયેલ વ્યક્તિઓએ સસલાઓના શિકાર કર્યો તેના માંસના ભાગ પાડી દરેકને વહેંચવામાં આવ્યા દરેકે

ઝાડના પાનમાં પોતપોતાનો ભાગ લઇ ઘરે આવ્યા પણ બધાના આચાર્ય વચ્ચે જે પાનમાં માસના ટૂકડા બાંધ્યા હતા તે ટૂકડા એક ગઠ્ઠાના રૂપમા ફેરવાઇ ગયેલા એટલે કે તેમને જે પાનમા માંસ બાંધ્યુ હતુ તે પાનમા એવી શકિત હતી કે ભાગેલ ટૂટેલ વસ્તુને સાંધી દે આમ તે પાન હાથપગ ભાગે કે ટૂટે તેમા વપરાવા લાગ્યા આમ તે પાન વનસ્પતિ દવા તરીકે ઓળખાવા લાગ્યા.

એક તાજો દાખલો એટલે કે થોડા વર્ષોનો હજુ તે માણસ જીવિત છે તેને ખેતરે કામ કરતાં પગ ઉપર કુહાડીનો ઘા થઇ ગયો અને ખૂબ લોહી વહેવા લાગ્યું તે ખેતરમાં કામ કરતો હોવાથી રેતીમા. પગ ઘસડતો ચાલતો હતો તેના આશ્ચર્ય વચ્ચે જોયુ તો તેનો ઘા રુજાઇ ગયેલો અને જાણે કઇ વાગ્યુ જ નથી તેવો પગ થઇ ગયો તેને ત્યાં ગણીએ તપાસ કરી પણ તેને આમ કેમ બન્યુ, કઇ વનસ્પતિના સ્પર્શથી આમ થયુ તે જાણી શકાયુ નહીં. આમ વનસ્પતિમાં જે દૈવી શકિત રહેલી છે તેનો ખ્યાલ આવે છે.

જાણકાર વ્યકિતઓ દવા આવનાર વ્યકિત પાસેથી કોઇ પણ પ્રકારનું મહેનતાણુ લેવાનો આગ્રહ રાખતા નથી પણ અમુક દર્દો એવા હોય છે કે જેમાં દૈવીશકિતથી આમ થયું તેમ માની તેમની પાસેથી શ્રીફળ દારૂ, મરઘી વગેરેનો ઉપયોગ ભગત-ભૂવા કરતા હોય છે. આમાં પણ કેટલાક એવા જાણકાર હોય છે કે જેઓ ફકત દવા આપવાનું જ કામ કરતા હોય આવા વ્યકિતઓ દેવ-દેવીઓની વિધિ કે ભોગ ચઢાવતા નથી. આ વિસ્તારમાં પણ વનસ્પતિ દવા જાણકાર વ્યકિતઓ દવા અંગેની જાહેરાત કરતા નથી. દવા કયારે કયાં મળે તે ભગત-ભૂવા જાણતા હોય છે. દવા મળતી હોય તે સમયે તેઓ તે દવા પોતાના ઘરે લાવી મૂકી રાખતા હોય છે જેથી તેનો ઉપયોગ દવા ન મળતી હોય તેવા દિવસોમા કરી શકે મોટાભાગે તેના મૂળ, ફળ, બી, ગુંદર વગેરે વસ્તુઓ લાવી મુકતા હોય છે જેથી તે કામ આવે, કયારેક દવાનું દાવણ આપવાનુ હોય છે તેમા ઘણીબધી જડીબુટ્ટી ગુંદર વગેરેનો ઉપયોગ થતો હોય તેવી દવા તૈયાર કરી એકાદ શીશીમા મૂકી રાખતા

હોય છે. જેનો ઉપયોગ પાંચથી છ માસ સુધી કરવામાં આવે છે દા.ત. કેરીના સમયે ચીલ શીશીમાં ભરી રાખે જેનો ઉપયોગ વીંછીના ડંખ ઉપર કરવામા આવે છે.

વંશી લેવા જાય ત્યારે ભગત એકલાજ જાય કે તેમના જોયેલા સ્થળેથી દવા લાવતા હોય છે. દવા લાવેવા માટે સવારનો સમય ઉત્તમ ગણવામાં આવે છે. દા.ત. કપરાડા વિસ્તારમા માન્યતા છે કે વાંસ ઉપરનો વાંદ મળે તો તેમાંથી સોનું બનાવી શકાય પણ તેને ઉતારવા માટે કાચા સુતરથી વાંસ બાંધી વિધિ કરવી પડે છે. કાળી હરદરને દૈવિ શકિતવાળી ગણે છે તેને મેળવવા માટે પણ વિધિ કરવી પડે છે તેના છોડ માંથી રાત્રે પ્રકાશ નિકળે છે તેમ જ તે દેવીશકિતવાળી વનસ્પતિ છે તેવી ચર્ચા પણ જોગવેલના માસ્તર પાસેથી સાંભળવા મળી જેઓ વનસ્પતિ દવા આપવાનુ કામ કરે છે. આમ વનસ્પતિમાં જે શકિત રહેલી છે તે શકિતને આદિવાસીઓ ખૂબ સારી રીતે ઓળખતા હોય છે. જડીબુટ્ટીનું નામ દેવાથી કે તેની જાહેરાતથી તેનો ગુણ નાશ પામે છે તેમ માનવાને કારણે કયારેક ખૂબ ઉપયોગી અને જરૂરી દવાને ઘણાઓછા વ્યકિતઓ જાણતા હોય છે. કયારેક એવુ પણ બને કે વનસ્પતિને ઓળખતા હોય પણ તેનુ નામ ન જાણતા હોય તેને જોવાથી ઓળખે કે આ વનસ્પતિ અમુક દર્દ માટે વપરાય છે. વળી કયારેક શાપ કરકે કે, ઓછાયો લાગી જાય તેવી દવાઓના નામ જાણીબુજીને આપવામાં આવતા નથી કાસ્યુનિયામાં એક જાણકારે એક એવી દવાનું નામ દેવાનો ઇન્કાર કરી દીધો હતો. અતિઆગ્રહ કરવામાં આવે તો તેનું નામ નથી તેને વેલા તરીકે જ ઓળખીએ છીએ તેમ કહી પણ નામ દેવાનુ ટાળતા હોય છે. પંચમહાલના પાનમ ગામના એક જાણકારે આંખમાં ફૂલ પડે કે કોઇપણ પ્રકારનું દર્દ હોય તેમા એક વનસ્પતિના છોડના પાન લાવી મસળી આંખમાં નાખવાથી ગમે તેવુ આંખનુ દર્દ દૂર થાય છે તે છોડનું સંપૂર્ણ વર્ણન કરવુ પણ તેનું નામ જણાવેલ નથી અતી આગ્રહ કરવાથી તેનું નામ જ નથી તેમ કહેવામાં આવે છે. આમ તેઓ ઓળખતા હોય અને નામ ન જાણતા હોય તેવું પણ કયારેક બને છે આંખની દવાનો અનુભવ સંશોધકે જાતે કરેલ છે. (કમનસીબે છોડ જોવા મળેલ નથી કારણકે તેમના કહેવા પ્રમાણે છોડ ઘણો દૂર

હોવાથી જઇ શકાયું નથી ) તેના પાણીથી આંખમાં ખૂબ બળતરા થાય છે અને આંખમાંથી પાણી નિકળ્યા કરે છે થોડા સમય પછી આંખમાં ખૂબ ઠંડક થાય છે.

ધરમપુર વિસ્તારના વારલી ભગત ભૂવાઓ ઢોર અને પાક માટે પણ વનસ્પતિ દવાઓનો ઉપયોગ કરે છે અમુક પ્રકારના છોડના પાન લાવી ખેતરની ચારે બાજુ મૂકવાથી ખેતરમાં પાક સારો થાય છે તેવી પણ માન્યતા છે. તેજ રીતે કોઇએ કંઇ કરી નાખ્યું હોય ગાય, ભેંસ દૂધ ન આપતી હોય તેમાં પણ વનસ્પતિનો ઉપયોગ કરવામાં આવે છે સાથે દેવ પણ કરે છે.

હવે તેમને જ બતાવેલ જુદા જુદા રોગ માટેની જુદી જુદી વનસ્પતિ દવા અંગે વિગતે જોઇએ તેમાં વનસ્પતિ દવાનું નામ, કયા રોગમા ઉપયોગી કેટલા સમયમા આરામ થાય કયારે કયાં મળે તેની વાપરવાની રીત અને માત્રા તેમજ તે બીજા કોઇ રોગમાં ઉપયોગમાં આવતી હોય તેની વિગત સાથે વેલાછોડ કે ઝાડનું વર્ણન જેનાથી ઓળખવામાં સરળ પડે.

| ક્રમ | ઔષધનું નામ આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગમટે | ઔષધ કયારે અને કયાં મળે | ઉપયોગ પદ્ધતિ અને માત્રા | અન્ય કોઇ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | 3 | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | મેઢવલ | | | અડધું માથુ દુઃખે તો | એકજવાર નાકમાં ટીપાં નાખવાથી | જંગલમાં બારેમાસ | તેનાપાન મસળી તેના બેટીપાં નાકમાં નાખવા | - | બન્ને વેલ છે જંગલમાં થાય છે.બન્ને મીક્ષ કરી અથવા એક પણ ઉપયોગમાં લઇ શકાય છે. |
| ૨ | અજન | - | | ,, | ,, | ,, | ,, | - | |
| 3 | આજુલાનો પાલ | અજવલા | ઓસીમમ્ | શરદી | એક દિવસમાં | ચોમાસે, શિયાળે મળે | તેના પાનના ટીપા નાકમાં નાખવાથી આરામ થાય છે. | પેટમાં દુઃખે તેમાં એકાદ ચમચી રસ પાવો,ઉલટી ઉપર પણ આપી શકાય | નાનો છોડ આવે. તુલસી જેવો છોડ થાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | મા સિડ વધુ જતું હોય તો ચોખાના ઓસામણમાં પાદડા રો રસ આપવો. | |
| ૪ | બીવલાનો રસ | બીવલો (બીયો) | ટેરોકાર્પસ માર્સુપિયમ | હોઠ તરડાઇ જાય તેમાં | - | જંગલમાં બારેમાસ | તેનો ગુંદર હોઠ ઉપર લગાડવાથી આરામ થાય છે. | તેના બી ઢોર ડોવાઇ જાય તો ઉપયોગમાં આવે છે. | મોટું ઝાડ આવે છે. ઇમારતી લાકડું છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫. | | | | | | | | | |
| (૧) | લીંખડી | | | | | | | | |
| (૨) | રાનફનસ | ફનસ(આર્ટોકાર્પસ ઈન્ટે ગ્રેફોલિયા | | અનાજ ખેતરમાં બગડી જતું હોય તે માટે (રોગ અટકાવવા) | પાક સુધરવા લાગે છે. | જંગલમાં બારે માસ | દરેક ઝાડની ડાળ લાવી તેના પાંચ ભાગ કરી ખેતરના ચાર ખૂણે ચાર અને વચ્ચે એક એમ દરેક જગ્યાએ દાટી દેવાના રવિવારે રાત્રે તેના ઉપર ગાયનું દૂધ છાંટવાથી પાક સુધરી જાય છે. રોગ અટકી જાય છે. | | ચોખખી ભીંડી ચોમાસામાં થાય તેને સફેદ ફૂલ આવે. (મોય ઉમરા બોય ઉપર ઉમરા લાગે છે: |
| (૩) | બીલી | બીલી | ઇગલમેમેલોસ | | | | | | |
| (૪) | ગોરાડો | | | | | | | | |
| (૫) | ખેર | ખેર | એકેશિયા કેટેચ્યુ | | | | | | |
| (૬) | ચોખખીભીંડી | સફેદફૂલ વાળી ભીંડી | હિબિસ્કસકેન બિન્સ | | | | | | |
| (૭) | ભોયઉમરી | કાળો ઉમરડો | ફિરકાઇકસ્ હિસ્પિડા | | | | | | |
| (૮) | પીપળો | પીપળા | ફાઇકસ રિલિજીયોઝા | | | | | | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ઉમરાનું દૂધ | ઉંબરો | ફાઇકસ ગ્લોમિરેટા | આંખ આવે | એકાદ દિવસમાં આરામ થાય છે. | જંગલમાં ખેતરમાં બારેમાસ | ઉમરાના દૂધનો આંખ ઉપર લેપ કરવો | લાપોટીયા ઉપર દૂધ ચોપડીઆપ. | મેદું.ક્ષુ ઝાડ આવે છે. ફળ મોટા બીવાળાં આવે છે.લગભગ દરેક જગ્યાએ મળે છે. |
| ૭ | ઉમરાના મૂળનો રસ | ,, | ,, | પથરી | ધીરે ધીરે આરામ થાય છે. | ,, | ઉમરાના મૂળનો રસ પાંચ તોલા કાઢી તેમાં સાકર નાખી આપવો તેજમૂળ ગાયના દૂધમાં ઘસી તેનો રસ ૧લેશ ઉપર ચોપડવો. | તાપપડે (ગર્મી) તેમાં મૂળનું પાણી વપરાય છે. | ,, |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | પરસપાપડાનું બી લીમડાની છાલ | પારસ પીપળો લીમડો (કડવો) | પિસપિસિયા પાંપલનિયા એંગા ડિરેકટા કીડીડા | કૃમિ | એકથી બે દિવસે ,, | દરેક જગ્યાએ ,, | બી ઘસી પાવામાં આવે છે. છાલ ઘસી પાવાથી મટે છે. | - | કણજા જેવો પાપડો આવે છે.લગભગ દરેક જગ્યાએ મળે છે. લીમડો મોટું ઝાડ છે, કડવો તેનો ગુણ છે. |
| ૯ | સાટોરીના મૂળ | સાટોડી | બોરહા વિયા ડિફ્યૂજા | વિંછીના ઝેરપર | તરતજ | રેતાળ જમીનમાં નદી કિનારે કોતરોમાં થાય છે. | તેના મૂળ રવિવારે લાવી રાખવા તે ચાવી ખાવાના તથા ડંખ ઉપર ચોપડવાનું | આંખનું ફુલ ઉપર | જમીન ઉપર પસરી રહે છે. ગામડામાં ખાપરી ભાજી કહેવામાં આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | સાદડાની<br>કુમળી<br>માજર<br>(પાલો) | સાજડ<br>(સૈન)<br>(સાદડા) | ટરમિનેલિયા<br>ગ્લેબ્રા | નાના<br>વાછરડાને<br>કૃમિ<br>થયા<br>હોતો | એકબે<br>દિવસે | જંગલમાં | તેના કુમળા પાન<br>લાવી વાછરડાને<br>ખવડાવી દેવા | - | સાદડાનું મોટું<br>ઝાડ થાય થાય છે.<br>મોટા પાન હોય<br>છે. જંગલમાં<br>થાય છે. |
| ૧૧ | સાગપરની<br>ડરવાઇ<br>વાગોર<br>ડાગડાનો<br>આંબો<br>ડાપરીનો<br>વેલ | સાયસૂન<br>ઘાઘારી<br>કુંદ<br>(ડાગડો) | ડયાપેરિજ<br>બ્રેવિસ્યાપના<br>હોરિડા<br>જસમીનમ્<br>મુવટી<br>ફ્લોરમ્ | સાપ<br>ડરડે<br>તો | તાત્કાલીક<br>,, | જંગલમાં<br>બારેમાસ | ત્રણે વેલના મૂળ<br>લાવી વાટી<br>મીક્ષ કરી<br>પીવાના<br>તેના ફળનો<br>ઘાણો આવે તે<br>તે વાટીને<br>પાવાથી<br>આરામ | - | ત્રણે વેલ છે./<br>ડાગડાનો<br>આંબાને પાકે ત્યારે<br>લાલફળ આવે છે.<br>ડાગડો ખાય માટે.<br>મીક્ષ કરી થોડું<br>થોડું ખાવા |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | એકાંટા | | | નાગ કરડે ત્યારે | નાન્ડાલીડ | જંગલમાં બારે માસ | તેના મૂળ લાવી વાટી દર્દીને પાવામાં આવે છે. | પેટમાં દુઃખે ત્યારે પણ ઉપયોગ | છોડ જેવી વેલ આવે છે.ઝાડ ઉપર ચઢે છે. |
| ૧૩ | ઉપરસાડી, લીંડીના મૂળ નાગદાવન | ઉપર સાલ ભીંડા નાગદમની (ઝટપટાં) | હેમિડેસ્મ સઈડીકસ્ હિબિસ્કપુસ- એસ્યુડલેન્ટસ્ આર્ટિમિશિયા | ઝાડા થાય તો | એકબે દિવસમાં | જંગલમાં બારે માસ મળે | બન્નેના મૂળ લાવી વાટીને પાવાની, નાગદાવનના પાનવાટી મીક્ષાકરી પાવાના | એકએક દવા પણ પાઈ શકાય છે. | ઉપર XXXX XXX XXX,સાત વેલ આવે, તુવર જેવા પાન આવે છે. ભીંડ છોડ છે. ચોમાસે થાય છે. નાગદાવન નાના છોડ થાય છે. ચોમાસે વધુ થાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | રગત રોહી ડાની છાલ | રગત રોહીડો | ટેડોમા અંડપુ લેટા | શરીર દુઃખે ત્યારે | બે દિવસમાં | જંગલમાં બારે માસ | છાલ લાવી વાટી ભૂકો કરી ગરમ પાણીમાં ઉકાળી દુઃખે ત્યાં શેક કરવો. | - | મોટું ઝાડ આવે છે. તેની છાલ કાઢી તી વખતે લાલ લોહી જેવું પ્રવાહી નીકળે છે. |
| ૧૫ | સાતપુડી | | | ,, | બે દિવસમાં | જંગલમાં બારે માસ. | છાલનો ઉકાળો કરી શેક કરવાનો | - | મોટું ઝાડ આવે, છાલ કાઢવાથી અંદર પડ નીકળે છે એટલે સાત પૂડીના પડયું છે. |
| ૧૬ | મહુડાની છાલ | મહુડો | લેસિયા લાટી ફોલિયા | ,, | ,, | ખેતર જંગલમાં | ,, | - | ઝાડ-તેના ફૂલ અને છાલ બન્નેનો ઉપયોગ થાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૭ | બેહડાં | બેહેડાં | ટરમિનેલિયા બેલિરિકા | મરઘાં બીમાર પડે તો | તાન્ડાલીક | જંગલમાં | બેહડાની છાલ લાવી વાટી પાણી નાખી મરઘાંને પાઈ દેવાનુ | - | મોટું ઝાડ આવે છે. |
| ૧૮ | ઉધાળો રાનવેલ પીળા | | | ભાગેલા હાડકા સાંધવા | ત્રણ પાટા બાંધતાં આરામ થાય છે. | જંગલમાં | ત્રણેના મૂળ લાવી લસોટી હાડકુ બરાબર બેસાડી પાટો કરવાથી મટી જાય છે. | ચામડીના રોગમાં પણ વપરાય છે. | ઉધાળો આ રપાંચ ફૂટ ઊંચો છે. રાણવેલ પીપન, વેલ આવે છે. (એક એક લગાવાથી પણ આરામ થાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯ | બીવલાનો ગુંદર<br>કાહડોરનો ગુંદર<br>સાકર | બીવલો (બાપ્પે)<br>કાંડોબી | ટેરોકાર્પ્સ માર્સુપિયન | પેશાબમાં બળતરા | એક દિવસમાં | જંગલમાં મળે | મીક્ષ કરી પાણીમાં દ્રાવણ કરી બાટલીમાં રાખવું. એક એક ચમચી પીવું | - | બીવલાનો ગુંદર લાલ હોય છે. ખાસ મળતો નથી, કાહડોરનો સફેદ ગુંદર હોય છે. |
| ૨૦ | બીવલાનો ગુંદર<br>ખાખરાની છાલ<br>સાદડાની છાલ | બીવલો<br>ખાખરો<br>સાજુ (એન) | ટેરોકાર્પ્સ માર્સુપિયન<br>બ્યુટિયા ફંડાગ્રા (રાતો)<br>ટરમિનેલિયા ગ્લેબ્રા | લોહી પડવું (પદર રોગ) | - | જંગલમાં બારે માસ મળે | ત્રણે મીક્ષ કરી વાટી પાણી સાથે એક એક કપ આપવું | - | મોટાઝાડ થાય છે. બારેમાસ મળે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | બેહડાના મૂળ ખજૂરીના મૂળ હીંગળનું મૂળ અબયનું મૂળ | બેહેડા ખજૂરી અબઇ | ટરમિનેલિયા બેલિરિકા ફિનિક્સ માટેના ડાંનોબાંલિયા એન સિફાંનિયા | બાળક સુકાઇ જતું હોય અથવા અશક્ત સુકાયેલ બાળક જન્મ્યું હોય | ધીરેધીરે આરામ થાય છે. અઠવાડીયામાં | જંગલમાં બારેમાસ | ચારે ઝાડના મૂળ લાવી તેના ટુકડા કરી દોરીથી બાંધી બાળકના ગળે બાંધવા અથવા તાંબાના માદળિયામાં રાખી બાંધવા | - | ત્રણે મોટા ઝાડ થાય છે. અબય વેલ છે. જંગલમાં થાય છે. |
| ૨૨ | અકડાના મૂળ ચેતરોક મૂળ | આકડો ચિત્રક | કયા લાંદ્રો પીસજાઇ ગ્યાંટી ખ્લંબેગોં ઝિલેનિકા | દાઢ દુઃખે તો | એક બે દિવસમાં | જગલમાં આકડો દરેક જગ્યાએ | તેના મૂળ લાવી તેને છુંદી સુતી વખતે દાઢ દુઃખે ત્યાં મૂકવું | - | ચેતરોક છોડ છે, તેનો રંગ કાળો હોય છે. પાન નાના હોય છે. (એક છોડનું મૂળ પણ મૂકી શકાય) |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૩ | સાઇલની છાલ સેડટાની છાલ | | | શરુ આતના લડવા માટે | અઠવાડી યાઓ | જંગલમાં ડુંગળ ઉપર મળે | જ્નેની છાલ લાવી છુંદી ઉડાળા કરી બાટલીમાં ભરી રાખે છે. સવાર,સાંજ, બપોરે એક એક ચમચી પીવું | - | સાઇ ઝાડ આવે ડાહ્ડાર જેવું હોય છે.જંગલમાં ડુંગર ઉપર જ થાય છે. |
| ૨૪ | ગંજાનો પાલો અબયનાં પાન નાગદાવન પાન | ચણોઠી ના પાન | એબ્રેસ પ્રિકેટોરિયસ | કેન્સર | - | બારે માસ જંગલમાં મળે છે. | ત્રણેના પાનનો રસ કાઢી બાટલીમાં ભરી રાખવો દરરોજ એકએક ચમચી પાવો. | - | ત્રણે ત્રણ વેલ છે, દરેકના પાન ઝીણા હોય છે. શરૂઆતનું કેન્સર હોય તો આરામ થાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૫ | ગોમટ | | | બાળકો ન થતા હોય તો | | જંગલમાં મળે ચોમાસે શિયાળે | આ વેલનું કંદ લાવી છુંદી પાણી સાથે પાઇ દેવું | | ગોમટ વેલ છે. તેને ફળ આવતું નથી તેના પાન ખરબચરા હોય છે. ચોમાસામાં પાંગળે છે બારેમાસ મળે(ઉનાળામાં વેલ સુકાઇ ગઇ હોવાથી મળતા નથી ) |
| ૨૬ | આંબાના પાનનો રસ | આંબો | મેંગો, કેરા ઇંડીકા | વીંછીના ડંખ ઉપર | તરત | દરેક જગ્યાએ બારેમાસ | વીંછીના ડંખ ઉપર પાનતોડી તેમાંથી નિકળતો રસ ચોપડવો કેરીના ડીટા માંથી નીકળતો ચીલ | - | આમ્રફળ, આંબાનું ઝાડ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૭ | નીરગુડનો કુમળો પાલો | | | આંખ આવે તો | દિવસમાં બેવાર બે દિવસમાં મટે છે. | જંગલમાં | પાન મસળી તેના રસના બે ટીપાં આંખમાં નાખવાં | - | ૫ થી ૬ ફૂટ ઉંચો છોડ થાય છે. બીલીના પાન જેવા પાન આવે છે. |
| ૨૮ | કેળનું પાન | કેળ | મુસાસે પિપેન્ટમ્ | ,, | ,, | દરેક જગ્યાએ | પાનતોડી તેમાથી જે પાણી નીકળે તે આંખમાં નાખવાથી | - | કેળ દરેક જગ્યાએ મળે છે પાન મોટા આવે છે. |
| ૨૯ | કાકડનું પાણી | કાંકડ | ગૈસગા પિન્નારા | ,, | ,, | જંગલમાં મળે | કુમળા છોડને ઘા કરવાથી પાણી નીકળે છે તે આંખમાં નાખવાથી | - | કાકડ મોટું ઝાડ આવે છે. જંગલમાં થાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૦ | ભોંય રિંગણ | ભોંય રિંગણી | સોલેનમ ઝેંથોકાર્પમ્ | હાથેપગે સોઝા આવે તો | પાંચ દિવસમાં આરામ થાય છે. | ખેતરોમાં | તેના મૂળ લાવી તેના પાંચ ટૂકડા કરી સુતરથી બાંધવાના.હાથે પગે બાંધવા | - | ખૂબ કાંટાવાળો છોડ આવે છે.ગોળ નાના સોપારી જેવડા ફળ આવે છે. ખૂબ કાંટા આવે છે. |
| ૩૧ | અર્જુન સાદડા ની છાલ | સાદડ | ટરમિનેલિયા અર્જુ ગ્લેબ્રા | દાઝી ગયા ઉપર | પાંચથી છ દિવસ માં દિવસ માં બે વાર લગાડવી | જંગલમાં બારેમાસ | છાલ બાળીને દાઝી ગયા તે તે જગ્યાએ મેશ લગાડવાથી આરામ થાય. | - | અર્જુન સાદડાનું થડ સફેદ આવે છે. |
| ૩૨ | ઉદાળા | | | શરીરે ચાંદા પડે તે માટે | છ,સાત દિવસમાં આરામ થાય છે. | જંગલમાં બારેમાસ | તેના મૂળને વાટી પાણી સમો ગરમ કરી ચાંદા ઉપર લેપ કરવો. | - | નાનો છોડ થાય છે તેના પાન કાહડાંહે ~~છે~~ જેવા આવે છે. બારેમાસ મળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૩ | તણસનો ગુંદર | | | ઘા પડે અને ફુવારા થી લોહી વહી જતું હોય તો | તરતજ | જંગલમાં બારેમાસ | તેને ઘા કરવાથી લોહી જેવો રસ નિકળે છે, ગુંદર જોહી તેવોજ હોય છે તે ઘા ઉપર લગાડવાથી લોહી અટકી જાય છે. | - | મોટું ઝાડ થાય છે જંગલમાં મળે. |
| ૩૪ | ડબ્બાની વખત | | | નાના છોકરાઓને આંચકી ધબકારા વધી જાય તો | અસર તરત બે દિવસ ચાલું રાખવી | જંગલમાં થાય બારેમાસ મળે | તેના મૂળ લાવી છુંદીને દૂધ સાથે બપોરે પછીના સમયે એકાદ-બે ચમચી પાવું | - | વેલ આવે છે. સકરીયા જેવાં મૂળ થાય છે. ભજીયા વેલ જેવા પાન આવે. બકરા ખાય છે તેથી ધ્યાન રાખવું પડે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૫ | નાગવેલ | | | નાગ કરડે ત્યારે | તાત્કાલીક | જંગલમાં | મૂળ લાવી છુંદી પાઇ દેવાથી ઉલ્ટી થાય છે. એકાદ લોટા જેટલી પાવાથી | - | વેલ આવે છે.લીલા નાના પાન આવે છે. તેને ઢોર ખાતા નથી બકરા ખાઇ જાય છે. |
| ૩૬ | કીરમડાની છાલ | કાંકાળી | | પેશાબમાં બળતળા થાય તો | એક દિવસમાં સવાર, સાંજે બે વાર | જંગલમાં બારેમાસ મળે | તેની છાલ લાવી કુટી પાણી સાથે પાવાથી | - | મોટું ઝાડ થાય છે. કરણ જેવા પાન આવે છે. |
| ૩૭ | રિંગણી | ભોંય રિંગણી | સોલેનમ ગ્રંથાઇ કાર્યમ્ | દાંત-દુઃખતો હોય તો | તેના ટુકડા એકાદ બે. દિવસ મટે | કોતરોમાં ખેતરોમાં | તેના મૂળીયા કાઢી તેના બે ટુકડા કાન ઉપર બાંધવા | - | રિંગણી, કાંટાવાળા થાય છે.બારેમાસ મળે |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૮ | બીબવ | | | ઢોર કીડવાઇ જાય તો | બે ત્રણ દિવસ | જંગલમાં | બીબવના બીલાવી તેની ધૂણી આપવા થી કીડા નીચે પડી જાય છે. | તેના મૂળ બાંધવા થી પણ કીડા ખરી પડે છે. | મોટું ઝાડ થાય છે. કરકડા જેવા બી આવે છે. |
| ૩૯ | (૧) પેઠર, (૨) લાલડી | | | ઝાડા બંધ કરવા | એક દિવસમાં છાલનો ઉપયોગ | જંગલમાં | બન્ને ઝાડની છાલ લાવી લસોટી પાઇ દેવાથી આરામ થાય છે. | - | પેઠર-મોટું ઝાડ આવે છે. લાલડી-સસલાની ગાગડી પણ કહેવામાં આવે છે. |
| ૪૦ | કુવરી | | | ઝાડા બંધ કરવા | એક બે વાર પીવો બબે ચમચા | ખેતરોમાં કાંતરો જંગલમાં | તેના મૂળ લાવી વાટી પાવાથી આરામ થાય છે. | - | છોડ થાય છે, ચોમાસામાં ઉગી નીકળે છે. જંગલમાં થાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૧ | આંટીના ઝાડમૂળ<br>નાગદમન<br>વેલપરસ<br>કમદી | મરડા શિંગ<br>ખાખરાનું<br>મૂળ<br>કરમદી | હેલિકટેરસ<br>ઇસોરા<br>બ્યુટિયા<br>ફંડાઝાં<br>(રાતી)<br>કેરીસા<br>• કોરંડાસ | પેટમાં<br>દુઃખે<br>તે માટે | બે<br>ત્રણ<br>દિવસમાં | જંગલમાં | આંટીના ઝાડનું મૂળ<br>ખાંદી પાવાનું<br>મૂળ દવા સાથે<br>મીક્ષ કરી<br>ખાખરાનું મૂળ<br>લસોટી મીક્ષ<br>કરી દેવા<br>કમદીના ઝાડ<br>નું મૂળ | ઝાડા<br>મરડામાં<br>ઉપયોગ | ઝાડવા જેવું આવે<br>પીપળ જેવા પાન છે.<br>વેલ આવે છે.તેના મૂળનો<br>ઉપયોગ, મોટુ ઝાડ<br>આવે ખાખરો કહેવામા આવે છે.<br>વેલ આવે છે. પાન<br>ઝીણા આવે છે. |
| ૪૨ | વાઘાટ | વાઘાટા | કયા પેરિજ<br>બ્રેક્ટિયાપના | વિંછી<br>કરડે<br>તો | નાન્ડાલીક<br>અસર<br>થાય છે. | જંગલમાં<br>મળે | વાઘાટના<br>પાનને મસરી<br>ડંખ ઉપર બાંધે | - | વેલ આવે છે.નાના પાન<br>કરણ જેવા ફળે ગોળ<br>લાંબા ડીંટાવાળું<br>પાકેલ ફળ ખાવામાંવપરાય છે |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૩ | દરિયાઇ છીપ | છીપ | | ગાલ પર સોજો આવે તે માટે (લાપોટીયુ) | ત્રણચાર દિવસમાં આરામ થાય છે. | દરિયા કિનારે | ઘસીને ચોપડવાનું | - | દરિયા છીપલાને ઘસી ઉપયોગ કરવો. |
| ૪૪ | ઘાઇવેલ | | | ઘા પડે તો | બેચાર દિવસમાં આરામ થાય એકજ વાર ભરવાથી આરામ થાય છે. | જંગલમાં | તેની મૂળ લાવી પથ્થર ઉપર ઘસી રસ ભરી દેવામાં આવે. | - | ઘાઇવેલ વેલ આવે છે. આંબાના પાન જેવા પાન આવે.(કપાઇ ગયેલા ઉપર ) |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૫ | દીહગઠ સેગડ | આશેસી | બારિનિયા ટમેટોસા | હાડકું ભાગી જાય તે | એક માસમાં આરામ થાય છે બે પાટામાં આરામ | જંગલમાં મળે બારેમાસ | તેનું મૂળ, સેગડનું મૂળ લાવી તે મૂળની છાલ બાંધી ઉપર બાંધી દેવા | - | દીહગઠ-વેલ આવે મૂળ ખોદી કાઢી, (પરસ જેવું પાન) ઉપયોગ કરે, સેગડ ઝાડ આવે-મૂળ ઉપર બાંધવામા આવે છે. |
| ૪૬ | ઘાસ (ચાહટયું) | ઘાસ | | કાપે પગમાં બેસી જાય તો | બે દિવસમાં રોગ મટે | ચોમાસામાં મળે | ઘાસ જે રસ કાઢી ચોપડવામા આવે | ઘા ઉપર કામમાં આવે, પેટમાં દુઃખે તો રસ પીવો | ઢોરને ખાવા માટે વપરાય છે.(ગાંસડી બાંધવામાં આવે છે તે ઘાસ ) |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૭ | ચંપો (ચાંપો) પાપડાની છાલ કરીમઠાની ડાળી | ચંપો | પ્લુમ્બેરિયા એક્યુટિફોલિયા | (પાડે તો) ઢોર ડીડાય તો | પાંચ છ દિવસ | જંગલમાં કાયમ મળે | ચંપાની ડાળી પાપડા સાલ ગળામાં બાંધી રાખવાનું કરીમઠાની છાલ | - | ચંપાના ફુલ ~~[illegible]~~ આવે. પાપડાનું ઝાડ લાંબા નિલગીરી જેવા પાન મોટું ઝાડ નાના પાન, પાકે ત્યારે પીળા ફળ ~~[illegible]~~ આવે. |
| ૪૮ | બાફરી | બાફરી (હીંગોતી) | | પેટમાં દુ:ખે તો | તાત્કાલીક | જંગલમાં શ્રાવણ ભાદરવામાં મળે | ફળ કુટીને પાણીમાં પી જવું. | રોગમાં ~~ઢોરમાં~~ ઢોરને પાણી આવે ત્યારે પણ ઉપયોગ થાય છે. | બાફરીનો છોડ બેફુટનું આવે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૯ | કીશોરીનો વેલ | | | દુ:ખાવો વધારે | તરત અસર કરે | જંગલમાં મળે | તેની ગાંઠ કુટીને પીવાથી મટે છે.એકાદ ગાંગડી | - | વેલ આવે છે.નાના પાન આવે, તેની ગાંઠ જમીનમાં મળે |
